| | |
|---|---|
| રજુ તારીખ | ૨૬/૧૨/૨૨ |
| દાખલ તારીખ | ૨૬/૧૨/૨૨ |
| ફેસલ તારીખ | ૧૩/૦૨/૨૦૨૩ |
| સમયગાળો | |

**અમદાવાદના મહેરબાન એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૬, અમદાવાદ. અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન, દાણાપીઠ, અમદાવાદ.**
**ક્રિમીનલ પરચુરણ અરજી નંબર. ૮૦૩૩/૨૦૨૨**
**આંક**

અરજદાર:- સોલંકી બીનાબેન અનીલકુમાર, ઉવ.પુખ્ત.
રહેવાસી:૧૩૯, રામદેવપીર ફળીયા જુના બજાર, કરજણ,
વડોદરા-૩૯૧૨૪૦.

**વિરુધ્ધ**

સામાવાળા:- ૧. મે. પ્રિન્સીપાલ સાહેબશ્રી,
ઠે.શ્રી સરસ્વતી મંદિર હાઈસ્કુલ, મણીનગર,
અમદાવાદ.

૨. જીલ્લા શિક્ષણ અધિકારીશ્રી, જીલ્લા શિક્ષણ અધિકારીશ્રીની કચેરી,બહુમાળી ભવન, વસ્ત્રાપુર,અમદાવાદ.

**વિષય:-** -ગુ. સે. એન્ડ હા. સે. એજયુકેશન રેગ્યુલેશન ૧૯૭૪ ના નિયમ ૧૨ (ક), ૧૨ (ક)(૬) મુજબ સ્કુલ રેકર્ડ તેમજ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમા પેટા જ્ઞાતિમા સુધારા અંગે કોર્ટ ઓર્ડર મેળવવા

અરજદાર તરફે વિ.વકીલશ્રી ભાવેશ એમ. ચમાર.

સામાવાળા તરફે :- કોઈ નહી.

**<u>-:: ચુકાદો ::-</u>**

**૧.** અરજદારે સદરહુ અરજી આપી જણાવેલ છે કે, આ કામના સામાવાળા સ્કુલના રેકર્ડમા તથા સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમા જાતિના કોલમમા હિન્દુ - રાજપુત લખાઈ ગયેલ છે જે વિગત ખોટી હોય તેમના જાતિના પ્રમાણપત્રમા હિન્દુ-વણકર જણાવેલ વિગત સાચી અને ખરી હોય સુધારો કરવા સુધારો કરવા માટે અરજી કરેલ છે.

**૨.** અરજીમા અરજદારે એવી હકીકત જણાવેલી છે કે, તેઓએ આ કામના સામાવાળા ની શાળામા ધોરણ અનુક્રમે ધોરણ-૧૨ સુધીનો અભ્યાસ કરેલ, તેમજ સામાવાળા તરફથી શાળા છોડયાનુ પ્રમાણપત્ર આપવામા આવેલ છે. જે દસ્તાવેજોની ખરી નકલ આ સાથે રજુ કરવામા આવેલ છે, તે તમામ દસ્તાવેજોમા અરજદારની જાતિના કોલમમા હિન્દુ - રાજપુત વિગત ખોટી લખાયેલ છે, જે વિગત દર્શાવતુ અરજદારના પિતાના જાતિનુ પ્રમાણપત્ર ની ખરી નકલ અરજી સાથે રજુ કરેલ છે જેમા અરજદારની જાતિ હિન્દુ - વણકર વિગત દર્શાવવામા આવેલ છે. આ સુધારો કરવાં, તેઓ આ કામના સામાવાળાઓને કચેરીમા જઈને પોતાની વિગત સુધારા માટે રજુઆત કરતા તેઓ

અને સામાવાળા તરફથી જણાવવામાં આવેલ કે અભ્યાસ પુર્ણ થયા બાદ શાળા છોડી દીધા પછી શાળાના સ્કુલ લિવિંગ સર્ટીફીકેટમા કોઈપણ પ્રકારનો સુધારો કરવા માટેની સત્તા ફકત નામદાર કોર્ટ ઓર્ડરથી જ થઈ શકે છે. જેથી હાલની અરજી કરેલ છે.

આ તમામ સામાવાળાઓની શાળા નામદાર કોર્ટની સ્થાનીક હકુમતમા આવેલ હોઈ, અરજી સાંભળવાની, ચલાવવાની અને નીકાલ કરવાનો હકક અને અધિકારી આ કોર્ટને છે અને તેમની શાળાના રેકર્ડમા તથા શાળા છોડયાના પ્રમાણપત્રમા ભુલ સુધારણાની જોગવાઈ મુજબ ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજયુકેશન બોર્ડ, ગુજરાત યુર્નિવસીટીના રુલ્સ એન્ડ રેગ્યુલેશન મુજબ હાલની આ અરજી કરેલ છે.

**3.** આ કામે ઉપરોકત ફેરફાર કરવાની અરજીના સમર્થનમા અરજદાર તરફે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

**<u>અરજદાર તરફે રજુ થયેલ મૌખિક અને દસ્તાવેજી પુરાવાઓ ::–</u>**

**–: મૌખીક પુરાવો :–**

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧ | અરજદારની સરતપાસની એફીડેવીટ | ૯ |
| ૨ | સાહેદ સોલંકી મીનાબેન અનિલકુમારની સરતપાસની એફીડેવીટ | ૧૦ |

| | | |
|---|---|---|
| ૩ | સાહેદ સોલંકી અનિલકુમાર છીતુભાઈ ની સરતપાસની એફીડેવીટ | ૧૧ |

## –: દસ્તાવેજી પુરાવો :–

| અ. નં | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદારના પિતાના જાતિના પ્રમાણપત્રની ખરી નકલ | ૫ |
| ૨. | સ્કુલ લીવીંગ સર્ટીફીકેટની ખરી નકલ. | ૪ |
| ૩. | તા.૫/૧/૨૩ના ધી મોબાઈલ ન્યુઝમા પ્રસીધ્ધ નોટીસ | ૭ |
| ૪. | સામાવાળા શાળાના જી.આર.ની ખરી નકલ. | ૮ |

**૪.** ત્યારબાદ અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવો નથી તેવું જાહેર કરી આંક–૧૨ થી કલોઝીગ પુરશીશ રજુ કરેલ છે.

**૫.** હાલની અરજી ઈન્કવાયરી સ્વરુપની હોઈ જેથી અરજદાર તરફે જે સરતપાસના સોગંદનામા આપેલ છે તે પણ સી. આર. પી. સી.ની કલમ ૨૯૬ હેઠળ ગણનામા લેવામા આવેલ છે.

**૬.** અરજદાર તરફે આંક–૭ થી જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ છે. પરંતુ, કોઈ વાંધા આવેલ નથી. સદર કામમા સામાવાળા શાળા ધ્વારા આપવામા આવેલ સ્કુલ લીવીંગ સર્ટીફીકેટમા, તેમજ સ્કુલ રેકર્ડમા અરજદારની જાતિના કોલમમા

હિન્દુ રાજપુત લખવામા આવેલ છે અને જે ખોટું હોવાનું અરજદારનુ કથન છે. અરજદારનાં કથન મુજબ આંક– ૫ ના અરજદારના પિતાના જાતિ પ્રમાણપત્ર મુજબ જાતિ હિન્દુ વણકર લખવામા આવેલ છે જે સાચી વિગત છે.

અરજદારની અરજીના સમર્થનમા આ કામે અરજદારે પોતે તથા અરજદારના સાહેદોએ આંક–૧૦ થી આંક–૧૩ વાળી સરતપાસ એફીડેવીટથી જાહેર કરેલ છે કે, આ કામના સામાવાળાઓના રેકર્ડમા લખાવેલ અરજદારની જાતિ હિન્દુ રાજપુત જણાવેલ છે એ અરજદારની ખોટી વિગત છે જયારે અરજદારના પિતાના જાતિ પ્રમાણપત્ર મુજબ ની જાતિ હિન્દુ વણકર એ સાચી અને ખરી વિગત છે.

**૭.** વધુમા ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન્સ, ૧૯૭૪ ની કલમ ૧૨ (ક) (૬) મુજબ વિદ્યાર્થીએ ખરેખર શાળા છોડી દીધા પછી શાળા રેકર્ડમા રહેલ નોંધોમા કોઈ પણ પ્રકારનો સુધારો કરવાની સતા સ્કુલને રહેતી નથી. પરંતુ સદર ફેરફાર પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટના હુકમથી થઈ શકે છે.

વધુમા નામદાર ગુજરાત વડી અદાલતે ઠાકોર નિલેશ શીશીરભાઈ વિરુધ્ધ

ગુજરાત સેકન્ડરી એજ્યુકેશન બોર્ડ(૨૦૦૭) જી. એલ. આર. ૨૨૭૬ના કેસમા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંત મુજબ વિદ્યાર્થી જયારે પરીક્ષા પાસ કરી દે અને સ્કુલ છોડી દે ત્યારબાદ વિદ્યાર્થીના એલ. સી. મા કે એસ. સી. સી. ના પ્રમાણપત્રમા સુધારો કરવાની સત્તા શાળાને રહેતી નથી. પરંતુ આવો સુધારો પ્રથમ વર્ગના જયુડીશીયલ મેજીસ્ટ્રેટના હુકમના આધારે થઈ શકે તેવી જોગવાઈ છે. વધુમા સી.આર. પી. સી. ની જોગવાઈ જોતાં જે જગ્યાએ પ્રથમવર્ગના જયુડીશીયલ મેજીસ્ટ્રેટનો હુકમ હોય તે મેટ્રોપોલીટન એરીયામા આ સતા મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટને આપવામા આવેલ છે અને તેથી તે રીતે જોતાં અરજદારની અરજીમાં માંગ્યા મુજબનો સુધારો કરવાનો હુકમ કરવાની સત્તા અત્રેની કોર્ટની હકુમતમા છે. આમ, હાલના કેસમા સમગ્ર પુરાવો જોતા તેમજ અરજદાર તરફે રજુ કરેલ તેમના પિતાના જાતિના પ્રમાણપત્રને વંચાણે લેતા જણાઈ આવે છે કે, અરજદારની સાચી અને ખરી વિગત હિન્દુ વણકર હોઈ, આ કામે એ રીતેનો સુધારો કરવો યોગ્ય અને વ્યાજબી હોઈ ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ ફરમાવું છું

**<u>:: હુ ક મ ::</u>**

અરજદારની હાલની અરજી આથી મંજુર કરવામા આવે છે.

આ કામના સામાવાળાઓને એવો આદેશ કરવામા આવે છે કે, આ કામના

અરજદારના પુત્રી સબબ ધી ગુજરાત સેકન્ડરી એજયુકેશન રેગ્યુલેશન્સ, ૧૯૭૪ ની કલમ અન્વયે આ કામના સામાવાળા તરફથી આપવામા આવેલ શાળા છોડયાના પ્રમાણપત્ર, તેમજ શાળાના રેકર્ડમા અરજદારની જાતિ હિન્દુ – રાજપુત ની વિગત દર્શાવવામા આવેલ છે જેને બદલી અરજદારે રજુ કરેલ આંક–૫ વાળા અરજદારના પિતાના જાતિના પ્રમાણપત્રમા દર્શાવેલ વિગત હિન્દુ વણકર સાચી અને ખરી હોય એ રીતનો સુધારો કરી નિયમ મુજબ થતી ફી વસુલ લઈ, સુધારાવાળા સુધારેલ શાળા છોડયાનું પ્રમાણપત્ર, અરજદારને આપવા.

આ હુકમની યાદી સામાવાળાઓને કરવી.

આજરોજ હુકમ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩–૦૨ –૨૦૨૩

(મયુરી ભાસ્કર ભાલીયા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
કોર્ટ નં.૬ ,અમદાવાદ
જજ કોડ નંબર.જીજે૦૧૪૭૬